રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૨૪૩ કેસ

કોરોનાને લીધે ૯ના મૃત્યુ : અત્યાર સુધીમાં ૧૨૯૪૪૧ લોકો ડિસ્ચાર્જ થયા જ્યારે ૩૫૫૦ના મૃત્યુ થયા : એક્ટિવ કેસની સંખ્યા ૧૬૨૦૩

ગાંધીનગર,તા.૯

રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોના ૫૧૬૬૨ ટેસ્ટ કરાતા ૧૨૪૩ પોઝિટિવ કેસ નોંધાયા છે. આ સાથે રાજ્યમાં કુલ કોરોના સંક્રમિતનો આંકડો ૧૪૯૧૯૪ થયો છે. રાજ્યમાં આજે ૯ દર્દીના મોત થયા હતા. કુલ મૃત્યુઆંક ૩૫૫૦ થયો છે. રાજ્યમાં ૧૫૧૮ દર્દીઓ આજે સાજા થતા કુલ ડિસ્ચાર્જનો આંકડો ૧ લાખ ૨૯ હજાર ૪૪૧ થયો છે. રાજ્યમાં કુલ એક્ટિવ કેસ ૧૬૨૦૩ છે અને વેન્ટીલેટર પર ૮૩ દર્દી નોંધાયા છે. તેમજ ૧૬૧૨૦ દર્દી સ્ટેબલ છે. રાજ્યમાં સતત બીજા દિવસે કોરોના પોઝિટિવનો આંકડો ૧૨૦૦ને પાર રહ્યો છે. જોકે તેની સામે રાજ્ય સરકાર છેલ્લા દસ દિવસ ઉપરાંત ટેસ્ટિંગનું પ્રમાણ પણ ગત માસ કરતા ઘટાડી ૫૦થી ૬૦ હજારની વચ્ચે રાખેલ છે. રાજ્યમાં આજની સ્થિતિએ ૫૯૬૬૬૪ વ્યક્તિ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૫૯૬૨૪૬ હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૫૯૬૨૪૬ હોમ ક્વોરોન્ટાઈન અને ૪૧૮ ફેસીલીટી ક્વોરેન્ટાઈન છે. રાજ્યમાં સાજા થવાનો દર ૮૬.૭૬ ટકા છે. રાજ્યમાં ૪૯૧૦૧૬૭ ટેસ્ટ કોરોનાના કુલ કરવામાં આવ્યા છે.

રાજ્યમાં આજે કોવિડ-૧૯ના લીધે ૯ દર્દી મોત થયા છે. જેમાં અમદાવાદ શહેર ૩, સુરત શહેરમાં ૨ અને જિલ્લામાં ૧, રાજકોટમાં ૧ અને સુરેન્દ્રનગરમાં ૧ મોત નોંધાયા છે. અમદાવાદ શહેરમાં ૧૬૪ અને જિલ્લામાં ૧૬ સાથે ૧૮૦ પોઝિટિવ કુલ કેસ નોંધાયા છે. આ સાથે અમદાવાદમાં કુલ કોરોના સંક્રમિતનો આંકડો ૩૮૫૬૧ થયો છે. આજે વધુ ૩ મોત સાથે કુલ ૧૮૪૨ મોત કોરોનાના લીધે નોંધાયા છે. સુરત શહેરમાં ૧૭૩ અને જિલ્લામાં ૯૧ સાથે ૨૬૪ કેસ કોરોના પોઝિટિવના નોંધાયા છે. આ સાથે સુરતમાં કોરોના સંક્રમિતનો આંકડો ૩૧૬૬૬ થયો છે. આજે ૩ મોત કોરોનાને લીધે નોંધાતા કુલ મૃત્યુઆંક ૮૦૧ થયો છે. વડોદરા શહેરમાં ૭૯ અને જિલ્લામાં ૪૩ સાથે કુલ ૧૨૨ કેસ કોરોના નોંધાયા છે. આ સાથે કોરોના સંક્રમિતનો આંકડો ૧૩૨૨૯ થયો છે. રાજકોટ શહેરમાં આજે ૮૭ અને જિલ્લામાં ૪૫ સાથે કુલ ૧૩૨ કેસ કોરોનાના નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૧૦૫૪૫ થયો છે. આજે ૧ મોત નોંધાતા કુલ ૧૪૭ મૃત્યુઆંક નોંધાયા છે.

બનાસકાંઠામાં કોરોનાના ૨૬ પોઝિટિવ કેસ નોંધાયા

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં શુક્રવારે કોરોનાના ૨૬ પોઝિટિવ કેસ નોંધાયા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૨૧૬૧ પહોંચી ગઈ છે. કુલ મૃત્યુઆંક ૫૭ પહોંચ્યો છે.

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસનું સંક્રમણ દિન પ્રતિદિન ગંભીર હદે વધી રહ્યું છે.જ્યાં શુક્રવારે કોરોનાના ૨૬ પોઝિટિવ કેસ નોંધાયા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૨૧૬૧ પહોંચી ગઈ છે. કુલ મૃત્યુઆંક ૫૭ પહોંચ્યો છે.આ અંગે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા જણાવ્યું હતું કે, પાલનપુર ૧૧, ડીસા ૦૭, લાખણી ૦૩, ધાનેરા ૦૨, દિયોદર ૦૧, સુઈગામ ૦૨ કેસ નોંધાયા હતા. એન્ટીજન ૧૧૬૨ સેમ્પલમાં ૨૬ નો પોઝિટિવ રિપોર્ટ આવ્યો હતો.

પાલનપુરમાં એક માસથી બંધ પડેલી સ્ટ્રીટ લાઈટો ચાલુ થશે

પાલિકા દ્વારા ૧૫૦ સ્ટ્રીટ લાઇટો મંગાવાઇ શહેરમાં ૫૦ ઉપરાંતની સ્ટ્રીટ લાઇટો બંધ હતી

પાલનપુર

પાલનપુર શહેરમાં છેલ્લા એક માસથી મોટાભાગની સ્ટ્રીટ લાઈટો બંધ હતી.જેમાં પાલિકા દ્વારા શહેરના રાજ માર્ગો પર બંધ પડેલી સ્ટ્રીટ લાઈટો ચાલુ કરાવવાની કામગીરી હાથ ધરવામાં આવતા શહરીજનોએ હાસકારો અનુભવ્યો હતો.

પાલનપુર શહેરના રાજ માર્ગો પર છેલ્લા એક માસથી સ્ટ્રીટ લાઈટો બંધ હાલતા હતી.જેના કારણે શહેરીજનો અને વાહન ચાલોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો.તેમજ અવાર-નવાર અકસ્માતોના બનાવો બનતા હતા.જેથી પાલિકા દ્વારા ઠરાવ કરી શહેરમાં સ્ટ્રીટ લાઈટો નાખવા માટે મંજુરી મેળવી શહેરના રાજ માર્ગો પર સ્ટ્રીટ લાઈટ નાખવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.આ અંગે સ્ટ્રીટ લાઈટ અધિકારી સંજય વ્યાસે જણાવ્યુ હતુ કે પાલનપુર શહેરના રાજ માર્ગો પર છેલ્લા એક માસથી બંધ પડેલ સ્ટ્રીટ લાઈટો ચાલુ કરવા માટે ૧૫૦ ઉપરાંતની સ્ટ્રીટ લાઈટો મંગાવવામાં આવી છે.શહેરમાં ૫૦ જેટલી બંધ પડેલી સ્ટ્રીટ લાઈટો ચાલુ કરવા માટેની કામગીરી હાથ ધરવામાં આવી છે.આગામી દિવસોમાં શહેરની બંધ પડેલી તમામ સ્ટ્રીટ લાઈટો ચાલુ કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે

બાયડના લિસ્ટેડ બુટલેગર મોયાને એલસીબી

પોલીસે દબોચી લઈ પાસા હેઠળ સુરતની લાજપોર જેલમાં મોકલી આપ્યો

બાયડ, તા. ૮

અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાત આગમન પછી જીલ્લામાં દેશી-વિદેશી દારૂની રેલમછેલ કરનાર અને અસામાજીક પ્રવૃતિઓ કરનાર બુટલેગરો અને અસામાજીક તત્વો સામે શસ્ત્ર કાર્યવાહીના પોલીસતંત્રને આદેશ આપતા જીલ્લામાં પોલીસતંત્રે બુટલેગરો, વરલી-મટકાના અને જુગારના સ્ટેન્ડ ચલાવનાર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરાતા બુટલેગરો અને અસામાજીક તત્ત્વો ભૂગર્ભમાં ઉતરી ગયા છે.

અરવલ્લી જિલ્લામાં જુગાર-પ્રોહીબિશનની પ્રવૃત્તિ આચરતાં શખ્સો તથા અસામાજિક તત્વોની સામે પાસા હેઠળ કાર્યવાહી કરવા સારૂ જિલ્લા પોલીસ વડા સંજય ખરાતના આદેશ અનુસાર પોલીસે બાયડના નામચીન બુટલેગર મોયા સલાટ સામે પાસા હેઠળ દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી. ત્યારે જિલ્લા મેજિસ્ટ્રેટે મોયા સલાટ સામે પાસા હેઠળ વોરંટ ઈસ્યુ કર્યું હતું. જેથી અરવલ્લી એલસીબી પોલીસે રવી ઉર્ફે મોયો મોહનભાઈ મારવાડીની પાસા હેઠળ અટકાયત કરી સુરતની લાજપોર જેલ હવાલે કરી દીધા છે. જીલ્લા પોલીસતંત્રની કામગીરીથી બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે.

બાયડના રેલવે ફાટક નજીક વર્ષોથી વિદેશી દારૂનો અડ્ડો ધરાવતો મોયો બુટલેગર

સ્થાનિક અને જીલ્લા પોલીસતંત્રના કેટલાક અધિકારીઓ અને કર્મચારીઓના છુપા આશીર્વાદથી માથાભારે બુટલેગર બની ગયો હતો, કેટલાક અધિકારીઓ અને કર્મચારીઓ મોયા બુટલેગરને સલામ પણ મારવા પહોંચતા હોવાની અને રાજકીય અગ્રણીઓ સાથે ઘરોબો ધરાવતો હોવાની બૂમો ઉઠી હતી ત્યારે અરવલ્લી જિલ્લામાં જુગાર-પ્રોહિબીશનની ગેરકાયદે પ્રવૃત્તિ કરતા શખ્સો તથા ગુનાહીત ઈતિહાસ ધરાવતા ઈસમો સામે પાસા હેઠળ કાર્યવાહી કરવા સારૂ જિલ્લા પોલીસવડા સંજય ખરાતે આપેલ સુચના મુજબ એલસીબીના પીઆઈ આર કે પરમારના માર્ગદર્શન હેઠળ તેમની ટીમના પોલીસ કર્મીઓએ બાયડના લિસ્ટેડ બુટલેગર રવિ મોહનભાઈ ઉર્ફે મોયો મારવાડી (સલાટ)ના ગુનાની વિગતો એકત્ર કરી બુટલેગરની પાસા દરમિયાન તૈયાર કરી જિલ્લા મેજિસ્ટ્રેટને મોકલી આપવામાં આવી હતી. ત્યારે મેજિસ્ટ્રેટ અમૃતેશ ઔરંગાબાદકરે બુટલેગરનો ગુનાહીત ઈતિહાસ ધ્યાને લઇ તેની પાસા હેઠળ અટકાયતનું વોરંટ ઈસ્યુ કર્યું હતું.

જે વોરંટ મેળવી એલસીબી પીઆઈ આર કે પરમાર અને તેમની ટીમે બુટલેગર રવિ મોહનભાઈ ઉર્ફે મોયો મારવાડી (સલાટ)ને પકડી પાડી સુરતની લાજપોર જેલ ખાતે મોકલી આપ્યો હતો.

અમીરગઢના ધનપુરા નજીક બે બાઈક અથડાતાં ૩ યુવકોના મોત

પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજ્યું : અરેરાટી પ્રસરી

પાલનપુર

અમીરગઢ તાલુકાના ધનપુરા - વિરમગામ હાઈવે ઉપર ગુરુવારે સાંજના સુમારે પુર ઝડપે પસાર થઈ રહેલા બે બાઈક વચ્ચે ધડાકાભેર અકસ્માત સર્જાયો હતો. જેમાં ત્રણ યુવકોના પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજ્યા હતા.

બનાસકાંઠા જિલ્લામાં અરેરાટી પ્રસરાવનારી અકસ્માતની ઘટનાની વિગતો એવી છે કે, અમીરગઢ તાલુકાના ધનપુરા - વિરમગામ હાઈવે ઉપર ગુરુવારે સાંજના સુમારે પુર ઝડપે પસાર થઈ રહેલા બાઈક નંબર જીજે. ૮. સીડી. ૫૫૧૭ના ચાલકે ગફલતભર્યું બાઈક હંકારી સામેથી આવતાં બાઈક નંબર જીજે.૨૪. ઓ. ૫૭૯૬ને ધડાકાભેર ટક્કર મારી હતી. જેમાં ચાર યુવકોને ગંભીર ઈજાઓ થવા પામી હતી. અકસ્માતને પગલે આજુબાજુના લોકો દોડી આવ્યા હતા. અને ઈજાગ્રસ્તોને તાત્કાલિક પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જેમાં ત્રણ યુવકોના સારવાર દરમિયાન મોત નિપજ્યા હતા. જ્યારે ટીનાભાઈ સમાભાઈ ઠાકોરને ઈજા થવા પામી હતી. અકસ્માતને પગલે સમગ્ર વિસ્તારમાં શોકની કાલીમા પ્રસરી ગઈ હતી. આ અંગે અમીરગઢના પેડચોળી ગામના બચુભાઈ લખમાભાઈ ગમરાએ અમીરગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

દંત્રાલ ગામે કુવાની માલિકી બાબતે ઝગડો થતા આઠ વિરૂધ્ધ સામસામે ફરીયાદ

હિંમતનગર, તા.૮

પોશીના તાલુકાના દંત્રાલ ગામે ચાર દિવસ અગાઉ એક ખેતરમાં આવેલા કુવા બાબતે બે પરીવારો વચ્ચે થયેલો ઝગડો પોલીસ સ્ટેશનમાં પહોચ્યો હતો. જેથી પોલીસે બંને પક્ષની ફરીયાદને આધારે આઠ જણા વિરૂધ્ધ સામસામે પોશીના પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે દંત્રાલ ગામના રજકાબેન પંકજભાઈ ડાભીએ નોધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ ગત તા.૬ ઓકટોમ્બરના રોજ લક્ષ્મણભાઈ માવાભાઈ ડાભીએ રજકાબેનના ઘરે જઈને કહ્યુ હતું કે અમારા ખેતરમાં કેમ કામ કરો છો. ખેતર તેમજ કુવો અમારો છે. તેમ કહી ગાળો બોલવાનું શરૂ કરી દીધુ હતુ અને રજકાબેન તથા રેખાબેન પર લક્ષ્મણભાઈ તથા માવાભાઈ ફતાભાઈ ડાભી, જગદીશભાઈ માવાભાઈ ડાભી અને પોપટભાઈ માવાભાઈ ડાભીએ લાકડીઓથી હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

હિંમતનગર તાલુકા પંચાયતમાં સત્તાની સંતાકુકડી

કોંગ્રેસે ઉપપ્રમુખની ચેમ્બરનો કબ્જો લઈ લીધો : લઘુમતીમાં મુકાયેલા ભાજપના હોદ્દેદારોના હવાતીયા, મતદારો જવાબ માંગશે

હિંમતનગર, તા.૯

હિંમતનગર તાલુકા પંચાયતમાં સત્તા કબ્જે કરવા માટે ઘણા સમયથી ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સભ્યોની ખેંચતાણ ચાલી રહી છે ત્યારે થોડા સમય અગાઉ ભાજપે કોંગ્રેસના સભ્યોને પક્ષપલ્ટો કરાવીને સત્તા આંચકી લીધી હતી.

ત્યારબાદ કોંગ્રેસમાંથી આવેલા એક સભ્યને તાલુકા પંચાયતના ઉપપ્રમુખ બનાવી દીધા હતા જે અંગેનો મામલો ગુજરાત રાજ્યના નમોદિષ્ટ અધિકારી સમક્ષ પહોચતા તાજેતરમાં તે અંગે ચુકાદો આવ્યો હતો. જેથી તાલુકા પંચાયતમાં કોંગ્રેસમાંથી ભાજપમાં ગયેલા બે સભ્યો પરત કોંગ્રેસમાં આવી જતા ભાજપ લઘુમતીમાં મુકાઈ ગયુ છે. દરમિયાન ગુરૂવારે કોંગ્રેસે ઉપપ્રમુખની ચેમ્બરના દરવાજા ખોલીને કબ્જો જમાવી દીધો હતો. જેને લઈને તાલુકા પંચાયતમાં રાજકારણ ગરમાયુ છે.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગર તાલુકા પંચાયતમાં થોડા સમય અગાઉ ચૂંટાયેલા સદસ્યોની પ્રથમ ટર્મ પુર્ણ થયાબાદ કોંગ્રેસના ૩ અને એક અપક્ષે સત્તાની લાલચ રાખીને ભાજપનો ખેસ પહેરી લીધો હતો. ત્યારબાદ બીજી ટર્મમાં આ ભાજપમાં આવેલ મહિલા સભ્યને પ્રમુખ બનાવી દેવામાં આવ્યા હતા જેથી કોંગ્રેસ ઉઘતી ઝડપાઈ હતી. ોંગ્રેસના સદસ્ય હરેશકુમાર પ્રજાપતીએ પક્ષાં સબબ આ સભ્યોને ગેરલાયક ઠેરવવા માટે ગુજરાત રાજ્યના નામોદિષ્ટ અધિકારીની કચેરીમાં દાદ માંગી હતી. જેમાં મે જીરીશકુમાર પટેલ અને ધુળસિંહ મુળસિંહ રહેવરને ગેરલાયક ઠેરવવા માંગ કરી હતી.

બીજી તરફ આ અંગે રાજકીય કાવાદાવાને ધ્યાનમાં રાખીને હરેશકુમાર પ્રજાપતીએ આ દાદ પરત ખેંચવા માટે મન મનાવી લીધુ હતું. જોકે સત્તાની આ સાઠમારી વચ્ચે મમતાબેન મકવાણા અને ધુળસિહ રહેવરને પાછા કોંગ્રેસમાં સમાવી લેવાની પેરવી કરી હતી. જેમાં તેઓ સફળ થયા હોવાનો દાવો કરીને રાજકીય દાવપેચ મુજબ અને આગામી સમયમાં યોજાનાર તાલુકા પંચાયતની ચૂંટણીમાં કોંગ્રેસને ફાયદો થાય તે આશયથી ગુરૂવારે હિંમતનગર તાલુકા પંચાયત કચેરીમાં જઈને ઉપપ્રમુખની ચેમ્બરનો દરવાજો ખોલી હરેશભાઈ પ્રજાપતીએ ખુરશીમાં ધુળસિંહને બેસાડી દીધા હતા.

સાબરકાંઠા જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે ચૂંટણીપંચ ધ્વારા નવા સીમાંકનની પ્રસિધ્ધિ કરી દીધી છે અને વાંધા સુચનો પણ મંગાવી લેવામાં આવ્યા છે ત્યારે તાલુકા પંચાયતમાં સત્તાની સાઠમારી માટે ચાલી રહેલા રાજકીય કાવાદાવ ના ખેલ મતદારો તથા તાલુકા પંચાયતના અધિકારીઓ જોઈને મંદમંદ મલકાઈ રહ્યા છે. હવે જોવાનું એ રહે છે કે તાલુકા પંચાયતમાં કોણ અને ક્યારે કારોબારી બેઠક અને સામાન્ય સભા બોલાવે છે તેતો સમય બતાવશે.

ઉલ્લેખનીય છે કે હિં તાલુકાપં ૧ સત્તાની રી વચ્ચે ભાજપ અને કોંગ્રેસમાં ચાલી રહેલા રાજકીય કાવાદાવા કોના કેટલા કારગત નિવડશે તે અંગે તો કાયદાના નિષ્ણાતો કાયદાનો અભ્યાસ કર્યા બાદ જે નિર્ણય જાહેર કરશે તેના પર બંને પક્ષના સદસ્યોએ સ્વિકારવુ પડશે.

ઢોલ નહિ ઢબૂકે

● અનુસંધાન પહેલાનું ચાલુ

નવરાત્રિના ગરબા, દશેરા, દિવાળી, બેસતા વર્ષ, નૂતન વર્ષ સ્નેહમિલન, શરદ પૂનમના તહેવારોની ઉજવણી સંદર્ભે રાજ્ય સરકારે માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડી છે. રાજ્યમાં પ્રવર્તમાન કોરોના સંક્રમણની સ્થિતિ તેમજ જાહેર આરોગ્ય સુખાકારીના સંદર્ભમાં રાજ્ય સરકારે આગામી તહેવારો, ઉત્સવોની ઉજવણી માટે એક માર્ગદર્શિકા જાહેર કરી છે. રાજ્ય સરકારની આ માર્ગદર્શિકા અને નિર્ણયોનો અમલ આગામી ૧૬મી ઓક્ટોબર ૨૦૨૦થી કરવાનો રહેશે. આ નિર્ણય અનુસાર નવરાત્રી દરમિયાન રાજ્યમાં કોઈપણ ગરબાના જાહેર આયોજન કરી શકાશે નહી. જેથી આ વખતે ખેલૈયાઓનો નોરતાનાં ઓરતા અધૂરા રહ્યા છે.

નવરાત્રી દરમ્યાન જાહેરમાં ખુલ્લી જગ્યાએ ગરબી/ મૂર્તિની સ્થાપના અને પૂજા આરતી કરી શકાશે, પરંતુ ફોટા કે મૂર્તિને ચરણ સ્પર્શ નહીં કરી શકાય કે પ્રસાદ વિતરણ નહીં કરી શકાય. આ માટે સ્થાનિક વહીવટી તંત્રની મંજુરી લેવી આવશ્યક રહેશે. ૨૦૦થી વધુ વ્યક્તિઓ એકત્રિત થઈ શકશે નહીં, તેમજ આ કાર્યક્રમનો સમય એક કલાકનો જ રહેશે. તમામ એસઓપીનું પાલન અવશ્ય કરવાનું રહેશે.

રાજ્યભરમાં કન્ટેન્ટમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં સામાજિક, શૈક્ષણિક રમત ગમત, મનોરંજન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ધાર્મિક સમારોહના આયોજનમાં પણ કેટલીક ચોક્કસ શરતોને આધીન પરવાનગી અપાશે. તદનુસાર છ ફૂટની દૂરી સાથેનું ફિઝિકલ ડિસ્ટન્સ અને તે માટે ફ્લોર માર્કિંગ કરવાનું રહેશે. સમગ્ર સમારંભ દરમિયાન ચહેરાને યોગ્ય રીતે તમામ સમયે ઢાંકી રાખવો પડશે. કોરોના મહામારીમાં થર્મલ સ્કેનર, સેનિટાઇઝર સાથે ઓકસી મીટરની સુવિધા તેમજ સ્ટેજ, માઈક, ખુરશીને સમયાંતરે સેનીટાઇઝ કરવાના રહેશે. હેન્ડવોશ, સેનિટાઇઝરની સુવિધાનો તમામે ફરજિયાત અમલ કરવાનો રહેશે. સમારંભ દરમિયાન થૂકવા તેમજ પાન-મસાલા ગુટખા સેવન પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. રાજ્યના ૬૫થી વધુ વયના વયસ્ક નાગરિકો, ૧૦ વર્ષથી નીચેની વયના બાળકો, સગર્ભા માતાઓ તેમ જ અન્ય બીમારીથી પીડિત વ્યક્તિઓ આવા સમારંભોમાં ભાગ ન લે તે હિતાવહ છે. જો આવા સમારંભો હોલ, હોટલ, બેક્વેટ હોલ, ઓડિટોરિયમ, જ્ઞાતિ સમાજોની લગ્નવાડી, ટાઉન હોલ કે અન્ય બંધ સ્થળે યોજવામાં આવે ત્યારે આવા સ્થળની કેપેસિટીના ૫૦ ટકા કે વધુમાં વધુ ૨૦૦ વ્યક્તિની મર્યાદામાં જ યોજી શકાશે. લગ્ન-સત્કાર સમારંભ જેવી ઉજવણીમાં ૧૦૦ વ્યક્તિઓ ભાગ લઈ શકશે. મૃત્યુ બાદની અંતિમ ક્રિયા – ધાર્મિક વિધિમાં મહત્તમ ૧૦૦ વ્યક્તિઓની મર્યાદા રહેશે.

સફળ ટેસ્ટીંગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ પહેલા સોમવારે ભારતે ઓડિસા તટના વ્હિલર દ્રીપથી સુપરસોનિક રિલીજ ઓફ ટોરપીડોનું સફળ પરીક્ષણ કર્યુ હતું. ટોરપીડોની રેન્જની બહાર એન્ટી સબમરીન વોરફેર અભિયાનમાં આ મિસાઈલ ખૂબ જ ઉપયોગી સાબિત થઈ છે. સીમા પર ચીનની સાથે ચાલી રહેલા તણાવની વચ્ચે આ મિસાઈલ્સની ટેસ્ટિંગ ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. ૭ સપ્ટેમ્બરે ભારતે હાઈપરસોનિક ટેકનોલોજી ડેમોન્સ્ટ્રેટર વ્હીકલને ટેસ્ટ કરી હતી. જે અવાજની ગતિથી ૫ ગણી વધુ સ્પીડથી ટ્રાવેલ કરે છે. ૩૦ સપ્ટેમ્બરે બ્રહ્મોસ સુપરસોનિક મિસાઈલનું ક્રૂઝ વર્ઝન ટેસ્ટ કરવામાં આવ્યું હતું. જેની રેન્જ વધીને ૪૦૦ કિલોમીટર કરવામાં આવી છે. વર્તમાન સમયમાં આની રેન્જ ૨૯૦ કિલોમીરટ છે. આ ઓક્ટોબરે ૭૦૦ કિલોમીટરની રેન્જવાળી શૌર્ય મિસાઈલનો ટેસ્ટ કરવામાં આવ્યો હતો.

બીજી યાદી મળી

● અનુસંધાન પહેલાનું ચાલુ

અધિકારીઓએ વધુમાં જણાવ્યું હતું કે આ વર્ષે ૮૬ દેશો સાથે સ્વિટ્ઝરલેન્ડ દ્વારા ત્રણ મિલિયનથી વધુ નાણાકીય હિસાબ અંગેની માહિતીના સંપૂર્ણ આદાનપ્રદાનમાં એક 'મોટી સંખ્યા' ભારતીય નાગરિકો અને સંસ્થાઓ સબંધિત છે. અધિકારીઓએ કહ્યું કે સ્વીસ સત્તાવાળાઓએ પાછલા વર્ષમાં ૧૦૦ થી વધુ ભારતીય નાગરિકો અને સંસ્થાઓ વિશેની માહિતી શેર કરી છે. આ મામલા મોટે ભાગે જૂના ખાતાઓ સાથે સંબંધિત છે, જે ૨૦૧૮ પહેલાં બંધ થઈ શકે છે, જેના માટે સ્વિટ્ઝર્લેન્ડે પરસ્પર વહીવટી ટેકાના જૂના માળખા હેઠળ ભારત સાથે વિગતો શેર કરી છે. કારણ કે ભારતીય સત્તાવાળાઓએ તે ખાતા ધારકો દ્વારા કર સંબંધિત ગેરવર્તણૂકોના પ્રથમ પુરાવા પૂરા પાડ્યા હતા. એઈઓઆઈ ફક્ત તે જ એકાઉન્ટ્સ પર લાગુ થાય છે કે જેઓ વર્ષ ૨૦૧૮ દરમિયાન સક્રિય અથવા બંધ હતા. આમાંના કેટલાક કેસો પનામા, બ્રિટીશ વર્જિન આઈલેન્ડ અને કેમેન આઈલેન્ડ જેવા વિવિધ વિદેશી અદાલતોમાં ભારતીયો દ્વારા સ્થાપિત સંસ્થાઓ સાથે સંબંધિત છે, જ્યારે વ્યક્તિઓમાં મોટાભાગે ઉદ્યોગપતિઓ અને કેટલાક રાજકારણીઓ અને પછી રોયલ્સ તેમજ તેમના પરિવારના સભ્યો સામેલ હોય છે.

૧૫૦૦ની નજીક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૪ માંથી આજે ૩ કેસ મળી આવ્યા છે. જીઆઈડીસીની ઉદ્યોગભવનમાં આવેલ કચેરીમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે ફરજો બજાવતી ૪૧ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૨૪ માંથી એક ૭૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. આ ઉપરાંત અક્ષયપાત્ર ફાઉન્ડેશનમાં નોકરી કરતા ૪૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે સિવિલમાં દાખલ કરાયા છે.

સે. ૭ માંથી આજે બે કેસ મળી આવ્યા છે. પોલીસભવનમાં સી.આઈ.ડી. મહિલા ક્રાઈમ બ્રાન્ચમાં ફરજો બજાવતા ૩૧ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૭ માંથી ૬૬ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે એસ.એમ.વી.એસ.માં દાખલ કરાયા છે.

સે. ૨ માંથી પણ બે કેસ મળી આવ્યા છે. હેડ કોન્સ્ટેબલ તરીકે સે. ૭ પોલીસ સ્ટેશનમાં ફરજો બજાવતા અને સે. ૨ માં રહેતા ૩૩ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ કર્મયોગીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત મહેસાણા દૂધ સાગર ડેરીમાં ફરજો બજાવતા ૩૧ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૭ માં રહેતા ૭૦ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૮ માંથી આજે ૩ કેસ મળી આવ્યા છે. ઉદ્યોગભવનમાં નાયબ કાર્યપાલક ઈજનેર તરીકે ફરજો બજાવતા ૪૯ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત ૯૧ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે સિવિલમાં દાખલ કરાયા છે. ૫૪ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને ચિલોડાની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા છે.

સે. ૪ માં રહેતા અને સચિવાલયમાં ડ્રાયવર તરીકે ફરજો બજાવતા ૫૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ બોરીજ ગામેથી આજે ૩ કેસ નોંધાયા છે. ૩૪ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૨૮ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને ગૃહીણીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત ૩૭ વર્ષીય રસોઈકામ સાથે સંકળાયેલ પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેને સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે ૧૯ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે શહેરમાં આજ સુધીમાં ૧૨૩૪ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

શહેરમાં હાલ ૨૨૭ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. આજે તંત્રએ વધુ ૪૨૨ લોકોને ક્વોરન્ટાઈન હેઠળ આવરી લીધેલ છે.

વધુ ૧૫ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવામાં આવેલ છે. આ ઉપરાંત દહેગામ અર્બનમાંથી ૪૪ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

માણસા અર્બન વિસ્તારમાંથી આજે ૩ વેપારીઓ સંક્રમિત થયા છે. આ ૩ વેપારીઓને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

માણસા અર્બનમાંથી ૮૫ વર્ષીય વેપારી, ૪૩ વર્ષીય વેપારી તેમજ ૩૯ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. માણસાનગરમાં એક જ દિવસમાં ત્રણ વેપારી સંક્રમિત થયાના સમાચારો પ્રસરતાં જ નગરમાં સન્નાટો છવાઈ જવા પામ્યો હતો.

કલોલ તાલુકામાં આજે ૪ કેસ નોંધાયા છે જેમાં બે ગ્રામ્ય વિસ્તારના અને ૨ કેસ કલોલ અર્બનમાંથી નોંધાયા છે.

પાનસર ગામેથી ૫૦ વર્ષીય દિવ્યાંગનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે અને તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે. બાલવા ગામેથી ૬૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેણીનીને પણ સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયેલ છે.

કલોલ અર્બન-૧ વિસ્તારમાંથી ૭૨ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

અર્બન-૨ વિસ્તારમાંથી ૨૪ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

જિલ્લામાં આજે ૧૫ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૨૦૩૨ લોકો કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં હાલ ૧૬૧ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં આજે ૧૫,૭૩૬ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.